## પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ, કોલેજ કેમ્પસ, દંતાલી રોડ, પેટલાદ-388450, જી.આણંદ.

### સુચનાપત્ર

1. **પરીક્ષાના કુલ ગુણ 210 રહેશે.**
2. **પરીક્ષાનો સમય 03 કલાકનો રહેશે.**
3. **પ્રાથમિક પરીક્ષાનો અભ્યાસક્રમ અને વિષય ગુણભાર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમાનુસાર રહેશે.**
4. ઉમેદવારે પરીક્ષા સમય કરતા ૬૦ મિનિટ અગાઉ પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે.
5. આપે આ સાથેની ઉમેદવાર માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચીને તેનો પરીક્ષા દરમ્યાન અમલ કરવાનો રહેશે.
6. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઇપણ એક ઓળખપત્રની ઓરીજીનલ કૉપી સાથે રાખવાની રહેશે.
7. પરીક્ષા શરુ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી તથા હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકાશે નહી.
8. આ કોલ લેટર મળેથી અને લેખિત પરીક્ષા આપવાથી આપે જે અરજી કરેલ છે તેના પર નિમણુંકનો કોઈ અધિકાર મળી જતો નથી કે આ પ્રકારનો અધિકાર કે કોઈ હક્ક કે દાવો કરી શકાશે નહી
9. દરેક પ્રશ્ન ૧ (એક) માર્કનો રહેશે.
10. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
11. OMR sheet બહુવિકલ્પવાળા પ્રશ્નના જવાબમાં કોઈપણ સાચો વિકલ્પ પસંદ કરી તેના ગોળ કુંડાળાને બ્લ્યુ અથવા બ્લેક બોલ પોઈન્ટ પેન થી ઘૂંટીને ઘાટું કરવાનું રહેશે. OMR Sheetમાં પેન્સિલ, વ્હાઈટ ઇન્ક, ઈરેઝર કે બ્લેડનો ઉપયોગ કરવાનો નથી.
12. OMR પદ્ધતિથી ઉત્તરપત્રોની ચકાસણી સમયે ખોટા જવાબ ચેકા-ચેક, એકથી વધારે જવાબો આપેલ હોય તેના જવાબોના ગુણનું મૂલ્યાંકન માઈનસ પદ્ધતિથી કરવામાં આવશે. જે બાબતની નોંધ લેવી. માઈનસ પદ્ધતિની (-૦.૨૫) ફોર્મ્યુલા છે.
13. ખોટા જવાબ તથા પ્રયત્ન ન કરેલ દરેક પ્રશ્નના ૦.૨૫ માયનસ ગુણ ગણવામાં આવશે.
14. દરેક પ્રશ્નના ઉત્તરના વિકલ્પમાં “પ્રયાસ કર્યો નથી” કે “નોન-એટેમ્પટેડ" નો એક વિકલ્પ રહેશે. જો ઉમેદવાર જવાબ આપવાનો ઇરાદો ધરાવતો નથી તેમણે આ વિકલ્પ પસંદ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે છે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.
15. આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં આપનો પ્રવેશ સંસ્થાની જાહેર ખબર અને તે સૂચનાઓને આધારે આપે કરેલ અરજીપત્રકમાંની વિગત અને તે હેઠળના સોગંદનામાં ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે. જેમાં ભવિષ્યમાં ક્ષતિ જણાયે સંસ્થા દ્વારા આપને કોઈપણ તબક્કે ગેરલાયક ઠરાવવામાં આવશે.
16. પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર અને હાજરી પત્રકમાં અરજી કરતી વખતે લગાવેલ હતો તે ફોટો ચોટાડી સાથે અચૂક લાવવો. પરીક્ષાખંડમાં કોલલેટર વગર પ્રવેશ મળશે નહીં.
17. આ પરીક્ષાના પ્રશ્નપત્રના ઉત્તરપત્રમાં જવાબો OMR (ઓપ્ટીકલ માર્ક રેકગ્નીશન) પદ્ધતિનું રહેશે.
18. OMR પદ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની ઉત્તરપત્ર OMR SHEET અને પ્રશ્નપત્ર ઉપર આપેલી સૂચનાઓ અચૂકપણે વાંચવી.
19. આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.
20. **જે ઉમેદવારો એ અરજી સાથે માન્ય સંસ્થાનું computer નું પ્રમાણપત્ર રજુ કરેલ નથી તેવા ઉમેદવાર જો પસંદગી પામશે ત્યારે ફરજીયાત computer નું પ્રમાણપત્ર રજુ કરવું પડશે. અન્યથા તેઓની પસંદગી રદબાતલ થશે તેની નોંધ લેશો.**